ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૧ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

# આવો, આજથી આરંભાતા અષાઢને આવકારીએ

## અષાઢ એટલે મેઘરાજા ઈન્દ્રદેવ અને વર્ષારાણીના મિલનનું મહાપર્વ : અષાઢ મહિનો એટલે ગુપ્ત નવરાત્રીની શરૂઆત : નવે નવ દિવસ માતાજીની આરાધના કરાશે

ગાંધીનગર, તા.૨૯

તારીખ ૩૦ જુનથી અષાઢ મહિનો બેસે છે. અષાઢ મહિનો આ વખતે રથયાત્રાના આગલા દિવસે શરૂ થઈ રહ્યો છે અને જેઠ મહિનાની વિદાય થઈ રહી છે ત્યારે અષાઢ મહિનાને કવિ કાલિદાસે ગાતા કહ્યું છે કે અષાઢ મહિને નભ વાદળોની હારમાળા લઈને આવે છે અને તરસી ધરતી પર પોતાનું જળ વરસાવી તેને તૃપ્ત કરે છે ત્યારે ધરતી પર રહેલા મનુષ્યો અને મલ્લિકાનાં છોડ તે અષાઢી જલબિંદુઓને પોતાના હસ્તરૂપી ઘટમાં ઝીલી લે છે. કવિ કાલિદાસનાં અષાઢી વાદળોની જેમ આપણો અષાઢ મહિનો ભગવાન કૃષ્ણ અને માતા પાર્વતીના મહિમાને લઈને આવે છે.

અષાઢ કવિઓનો કાવ્યરસમાં મસ્ત થવાનો, કૃષકોને કૃષિ કર્મમાં રંગાવાનો અને ભકતોને ભકિતરસમાં ભીંજાવાનો મધુમાસ છે. અષાઢ એટલે મેઘરાજા ઈન્દ્રદેવ અને વર્ષારાણીના મિલનનું મહાપર્વ, ઈન્દ્રદેવ તો વર્ષારાણીના પ્રીતમ છે. અષાઢમાં ઈન્દ્રદેવ ધરતી લોક ઉપર વિહાર કરવા સ્વર્ગનાં દરબારમાંથી પોતાની પ્રિયતમા વર્ષારાણી સાથે ધરતીના ખોળે અવતરે છે. અષાઢમાં વર્ષારાણીનો અને મેઘરાજાનો વૈભવ પ્રકૃતિરૂપે પ્રગટે છે. વર્ષાનાં જલબિંદુઓથી રોમાંચિત થયેલી પ્રકૃતિ સોળે શણગાર સજવાનો આરંભ કરે છે.

ઉનાળાના ધોમધખતા તાપથી વ્યાકુળ બનેલી ધરતી અષાઢી મેહુલિયાને ભેટવા તલસે છે જગતનો તાત ધરતીપૂત્ર કૃષક અષાઢી વાદળની ચાતક નજરે રાહ જુએ છે. અષાઢી આકાશના પહેલા વાદળને જોઈને શિવભકિત મહાકવિ કાલિદાસની કવિતા 'મેઘદૂત'નું સ્મરણ થાય. દેવોના આત્મા સ્વરૂપ પર્વતરાજ હિમાલયના શિખર ઉપર આવેલી ભગવાન શિવની અલકાનગરી મનની આંખો આગળ તરવરી રહે. શિવજીની અલકાપુરીના કારભારી છે કુબેરભંડારી. એમનો એક સેવક હતો યક્ષ. યક્ષ એકવાર પોતાની ફરજ ચુકયોને કુબેરે તેને પત્ની



વિયોગનો એક વર્ષનો શ્રાપ આપી દીધો. શ્રાપ પ્રમાણે બિચારા એ યક્ષને પત્નીથી વિખૂટા પડી અલકાપુરી છોડીને દૂર દક્ષિણ ભારતના રામગિરિ આશ્રમમાં નિવાસ કરવો પડયો.

અષાઢ માસના પહેલા દિવસે આકાશમાં ઘુમરાતું અને પર્વતના શિખર ઉપર ઝબુંળતું પહેલું વાદળ જોઈને અષાઢી માદક મોસમમાં એ વિરહીયને અલકાપુરીમાં વિરહિણી બનીને રહેલી પોતાની પ્રિયતમાનું સ્મરણ થયું. હૃદયમાં પ્રણયભાવ ઉત્તેજિત થયો. તેણે ફૂલોથી વાદળને વધાવ્યું વિનંતી કરી 'હે મેઘ! કૃપા કરીને મારો સંદેશ અલકામાં બેઠેલી મારી પ્રિયતમા પાસે લઈ જા.' આ રીતે યક્ષે વાદળને દૂત બનાવીને પોતાની પ્રાણપ્રિયાને પ્રેમ સંદેશ મોકલ્યો. એવું હૃદયસ્પર્શી વર્ણન કાલિદાસે 'મેઘદૂત'માં કર્યુ છે.

અષાઢમાં ધરતીના ધણી મેહુલિયાનું આગમન થતાં જ ચાતક પંખી ગહેકી ઉઠે, મોલિયા ટહુકી ઉઠે તેમ ખેડૂતોના મન મયુર નાચી ઉઠે છે. વર્ષાના જળબિંદુઓ તો એમને મન ખેતરમાં વેરાયેલાં મોતી છે. વર્ષાના જલબિંદુઓથી રોમાંચિત થયેલી પ્રકૃતિ સોળે શણગાર સજવાનો પ્રારંભ કરે છે. ધરતીના આંગણે મેઘરાજા અને વર્ષારાણી પધાર્યા છે એનો આનંદ વ્યકત કરવા ધરતી હરિયાળી લહેરાવે છે. અષાઢી વૈભવ નિહાળવા ભગવાન જગન્નાથ પણ અષાઢી બીજે રથયાત્રા દ્વારા નગરવિહાર કરે છે. આ અષાઢનો મહિમા અનેરો છે.

## વસાહત મંડળ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૨૯

પાટનગર ગાંધીનગર શહેરમાં આષાઢી બીજ તારીખ-૧ જુલાઈ શુક્રવારે સવારે ૧૦-૦૦ કલાકે સેક્ટર નં ૨/૭ પાસે આવશે ત્યારે સેક્ટર નં-૨ વસાહત મંડળ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સ્વાગત કરવામાં આવશે તો સેક્ટર નં ૨/૭ના વસાહતીઓ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘનાં તમામ હોદ્દેદારો અને કાર્યકરોને ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરવામાં આવ્યા છે અને સેવા નો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે બીજી બાળ રથયાત્રા સેક્ટર નં ૨ સ્વામિનારાયણ મંદિર પાસે થી સે-૨ડી ના રીંગ રોડ પર થી સે-૨/૭ ના રોડ પરથી પસાર થવાની હોઈ તેનું પણ સ્વાગત કરવામાં આવશે. તો સર્વે વસાહતીઓને ઉપસ્થિત રહેવા તેમજ રથયાત્રીઓને પાણી-છાસ ની સેવા કરવા વિનંતી કરવામાં આવી છે.

## આજે સિનિયર સિટીઝન કાઉન્સીલની માસિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સિનિયર સિટિઝન કાઉન્સીલ, ગાંધીનગરની માસિક સભા ૩૦મી જૂનના રોજ સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી, સેકટર-૭-સી ખાતે યોજાશે. તેમાં સંસ્થાના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી અક્ષયભાઈ રાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાનાં શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે ૯૬ જેટલા લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા, ચા, નાસ્તો, બિસ્કીટ તથા મગદાળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં મિલિંદભાઈ, ડૉ. બોધાણીજી ભીમજીભાઈ તથા વિપુલ સાથે હતા. સમગ્ર કાર્યક્રમનો ખર્ચ ડૉ. સુરેશ શાહ તરફથી હતો.




શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ૨૫ જૂને દહેગામ નિલકંઠ મહાદેવમાં ટ્રસ્ટના સભ્યોની વાર્ષિક સભા અને ચોપડા વિતરણ તથા બ્લડ સુગર ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એન.એસ.એસ. યુનિટ દ્વારા વૃક્ષારોપણ કરાયું



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એન.એસ.એસ. યુનિટ દ્વારા બુધવારે સાંજે યુનિવર્સિટી પરિસરમાં તેમજ બહારના ભાગમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચેતન ત્રિવેદી, અધ્યાપકો તેમજ વહીવટી કર્મચારીઓએ સાથે મળીને વિવિધ પ્રકારના વૃક્ષો રોપ્યાં હતાં. કુલ મળીને આશરે ૫૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

## સરકારી વાણિજય કોલેજ ખાતે રાષ્ટ્રીય સ્ટેટિસસ્ટીકસ ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

સરકારી વાણિજ્ય કોલેજ, ગાંધીનગર, સેકટર- ૧૫ ખાતે **National Statistics Day** ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ કોમ્પીટીશન, ક્વીઝ જેવી વિવિધ કોમ્પિટિશન નું આયોજન કરવામાં આવ્યું હતું અને **Statistics day** નું મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું.

**National Statistics Day** નું સમગ્ર આયોજન કો-ઓર્ડિનેટર ડૉ. રોનકભાઈ પટેલ અને કોલેજ ના સમગ્ર સ્ટાફના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્ર વિષયનું મહત્વ સમજાવીને પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેમજ કોલેજના આચાર્યશ્રી ડૉ. અમિતકુમાર સુતરીયા દ્વારા સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ શાખા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા. ૧-૭-૨૦૨૨ના રોજ નીકળનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભવ્ય સ્વાગત સે-૨૩ શોપીંગ સેન્ટર કડી સ્કુલ પાસે સાંજે ૫.૩૦ વાગે આરતી-પૂજા અને છાશ વિતરણ કરીને કરવામાં આવશે. આ પ્રસંગે બ્રહ્મસમાજ સેકટર-૨૩, શાખાના બધા પરિવારજનો, કોર્પોરેટર, અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહી રથયાત્રાનું સ્વાગત કરશે.

## ગાંધીનગર ખાતેની આઈએઆરમાં કેમ-એ-થોન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ - ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન દ્વારા કેમ-એ-થોન કાર્યક્રમનું આયોજન તા.૪ જૂલાઈ થી ૭ જૂલાઈ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ધો.૧૨ પાસ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

કેમ-એ-થોનમાં વિદ્યાર્થીઓને પ્રાયોગીક કાર્યો જાતે કરવાની તક મળી રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રત્યે સજાગ કરવાનો છે. આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રિ, કેમિકલ એન્જીનિયરિંગ, બાયોટેકનોલૉજી તથા અન્ય વિષયો પર લાઈવ ડેમોન્સ્ટ્રેશન જોવા મળશે. આ કાર્યક્રમમાં ક્વિઝ કોમ્પિટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વિજેતા થનારા વિદ્યાર્થીઓને સર્ટિફિકટેસ તથા ઈનામ પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે તક આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલી લિંક પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા પૂ. હરિકેશવદાસજીના જન્મદિન નિમિત્તે અભ્યાસ કીટનું વિતરણ




ગાંધીનગરમાં છેલ્લા ૪૩ વર્ષથી ધર્મ-સંસ્કાર-સમાજ સેવાની ઉમદા પ્રવૃત્તિ કરતા એવા ત્રિવેણી સંગમ સમાન સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩ દ્વારા પ.પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીના આશીર્વાદ તથા પ્રેરણા અને પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જીલ્લાના રાંધેજા-પ્રાંતિયા તથા અમદાવાદ જીલ્લાના બાન્ટાઈ તથા મહેસાણા જીલ્લાના મરતોલી તથા પાટણ જીલ્લાના છમીછા ગામની માધ્યમિક તથા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેનો, પેન્સિલો, બીસ્કીટ પેકેટ વગેરેનું વિતરણ કરાયું હતું.

આ શુભ સેવા કાર્યોનો હેતુ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ તથા શૈક્ષણિક પ્રોત્સાહન મળી રહે તે માટે મંદિરના સંત પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજી તથા મંદિરના યુવા સ્વયં સેવક હરિભક્તોની ટીમ સાથે મળીને આ ઉમદા સેવા કાર્યો કરે છે. સંસ્થા દ્વારા થતી વિદ્યાર્થી સહાયની પ્રવૃત્તિને શાળાના સંચાલકો, શિક્ષકો તથા વાલીઓ લાગણી સભર આભાર સહ બિરદાવે છે.

## પ્રેરણા બાળ રથયાત્રા નવા સેકટરોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં અષાઢી બીજને શુક્રવારે રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરમાં નવા સેકટરોમાં પ્રેરણા બાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રેરણા બાળ રથયાત્રાના આયોજન માટે કથાકાર અને ધર્મ સાંસદ કન્હૈયાલાલજી મહારાજના અધ્યક્ષ પદે એક મીટીંગ યોજાઈ હતી. જેમાં રથયાત્રાનો માર્ગ નિર્ધારીત કરવામાં આવ્યો હતો. માર્ગમાં ઠેર ઠેર ભગવાનના સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી છે તથા યાત્રાળુઓ માટે ઠેર ઠેર વિવિધ મંડપોમાં શરબત, ઠંડા પીણાં, છાશની વ્યવસ્થા કરવામાં આવશે.

આ રથયાત્રા ગાંધીનગરમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. છેલ્લા પાંચેક વર્ષથી પ્રેરણા બાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. અગાઉ માત્ર સેકટર-૫માં આ રથયાત્રાનો રૂટ નક્કી કરાતો હતો જે આ વર્ષે રૂટ વધારતા નવા સેકટરોમાં પણ આ પ્રેરણા બાળ રથયાત્રાનું આકર્ષણ જોવા મળશે.

### રૂટ સમય અને સ્થળ

| સમય | સ્થળ |
|---|---|
| સવારે ૯.૦૦ કલાકે | પ્રારંભ શિવ-શકિત મંદર પાસે, સે-૫/એ |
| સવારે ૭.૨૦ કલાકે | અંબાજીમંદિર, સે-૫/સી |
| સવારે ૭.૩૫ કલાકે | ખોડીયાર મંદિર, સે-૫/સી |
| સવારે ૭.૪૦ કલાકે | મહાકાળી મંદિર, સે-૫/બી |
| સવારે ૭.૫૦ કલાકે | સે-૫ થી સે-૪માં પ્રવેશ |
| સવારે ૮.૦૦ કલાકે | ગોગા બાપજીનું મંદિર, સે-૪/સી |
| સવારે ૮.૧૫ કલાકે | હનુમાનજી મંદિર, સે-૪/બી |
| સવારે ૮.૩૦ કલાકે | ઓમકારેશ્વર મહાદેવનું મંદિર, સે-૪/એ |
| સવારે ૯.૦૦ કલાકે | સે-૪ થી નીકળી ગ રોડ ઉપરથી સંગીત સર્કલ થઈ સે-૩ ન્યુ |
| સવારે ૯.૧૦ કલાકે | શિવશકિત મંદિર, સે-૩ ન્યુ |
| સવારે ૯.૨૦ કલાકે | એખતા ચોક, સે-૨-૩/ન્યુ |
| સવારે ૯.૩૦ કલાકે | એસએસવી સ્કુલ, સે-૩/બી |
| સવારે ૯.૫૦ કલાકે | સે-૨-૩/બી શોપીંગ |
| સવારે ૧૦.૦૦ કલાકે | સાંઈબાબા મંદિર |
| સવારે ૧૦.૧૦ કલાકે | રામેશ્વર મહાદેવ મંદિર |
| સવારે ૧૦.૨૦ કલાકે | સેર-૩/ડીમાં થઈ ઘ-દોઢ |
| સવારે ૧૦.૩૦ કલાકે | સેકટર-૨માં પ્રવેશ |
| સવારે ૧૦.૪૦ કલાકે | ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર, સે-૨બી |
| સવારે ૧૦.૫૦ કલાકે | બાલ હનુમાનજી મંદિર, સે-૨-એ |
| સવારે ૧૧.૦૦ કલાકે | સ્વામિનારાયણ મંદિર, સે-૨ |
| સવારે ૧૧.૧૦ કલાકે | પ્રાથમિક શાળા, સે-૨/ડી |
| સવારે ૧૧.૨૦ કલાકે | ૨-૭ મોટા ઘ-૨ સર્કલ |
| સવારે ૧૧.૩૦ કલાકે | ઘ-૨ પેટ્રોલપંપથી સે-૬માં પ્રવેશ |
| સવારે ૧૧.૪૦ કલાકે | નાનું ચીપટાઈપ શોપીંગ સે-૬-બી |
| બપોરે ૧૨.૦૦ કલાકે | સરસ્વતી વિદ્યાલય, સે-૬-બી |

## પેથાપુર ખાતે પરંપરાગત રીતે રથયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

અષાઢી બીજ નિમિત્તે પેથાપુર ખાતે ભવ્યાતિભવ્ય રથયાત્રા યોજાશે. પરંપરાગત રૂટ પર નીકળતી રથયાત્રા માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે.

શ્રી પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા રથયાત્રાની તૈયારીઓનું સુદૃઢ આયોજન કરવામાં આવ્યું છે.

પેથાપુરની નાની બજાર સ્થિત રામજી મંદિર ખાતેથી રથયાત્રાનો પ્રારંભ થશે. બેન્ડવાજા, સુશોભિત વાહનો, ભકત મંડળીઓ, ઉંટલારીઓ, ટ્રેકટરો સાથે ભગવાન જગન્નાથજી રથયાત્રામાં જોડાશે અને ભાવિકોને દર્શન આપશે. ભાવિકો રથયાત્રા દરમિયાન પ્રસાદનો લાભ લઈ શકશે.

વેશભૂષા સ્પર્ધા પણ આ અવસરે યોજાશે. વેશભૂષા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા બાળકોના નામ નટુભાઈ કે. દરજી અને કિરણભાઈ મહેતાને નોંધાવવાના રહેશે. શ્રી પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિના અગ્રણીઓ દિનુભાઈ દરજી, નટુભાઈ દરજી, આશિષ ભટ્ટ, દિનેશ ચૌહાણ, અસરસિંહ વાઘેલા, ધીરુભાઈ ચૌહાણ, સુનિલભાઈ ભાવસાર, જયેશ પરમાર, જીગ્નેશ પરમાર, ગોવિંદ લખવારા, સચિન દરજી તથા રથયાત્રા યુવા સંગઠનના તમામ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. નગરજનોને રથયાત્રામાં જોડાવવા અને દર્શનનો લાભ લવા અપીલ કરવામાં આવી છે.



ચોમાસાની સીઝન શરૂ થઈ ગઈ છે તેમ છતાં હજુ શહેરમાં ઈલેકટ્રીક થાંભલાનું મેન્ટેનન્સ શરૂ કરવામાં આવ્યું નથી. ઘણા સ્થળોએ ઈલેકટ્રીક થાભલાના ઢાંકણા તૂટેલા જોવા મળી રહ્યા છે જે કયારેક અકસ્માત સર્જી શકે છે.

## જન્મદિને વધામણી



અંગિરા ત્રિવેદી અધ્વર્યુ



મહેશ ડી ઠાકોર
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩



દક્ષ ભરતભાઈ વાઘેલા
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩



મનોજકુમાર પ્રજાપતિ
મો. ૯૭૨૩૮ ૧૪૨૪૧



ઝંકૃતિ

## સુપોષણ અભિયાન અંતર્ગત ભાટ ખાતે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના ભાટ ખાતે સંત રોહિત દાસ સોસાયટી આંગણવાડીમાં સુપોષણ અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષ પ્રિયાબેન પટેલ, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, આંગણવાડીની બહેનો અને બાળકો હાજર રહ્યા હતા.

દેશના વડપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કુપોષણ બાળકો ન રહે તેનું સૂચન કર્યુ છે. રાજ્ય સરકાર સતત કુપોષિત બાળકોને સૂપોષિત કરવાની દિશામાં કાર્યરત છે, ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા પણ આ અભિયાનને વેગવંતુ કરવા અને રાજ્યના બાળકો સૂપોષિત થાય તેવા પ્રયત્ન કરી રહ્યા છે. જે અંતર્ગત આ કાર્યક્રમના અંતે ચેરમેન એ બાળકોના પોષણની સ્થિતિ સુધારવા બાળકોમાં પ્રોટીનના ડબ્બાનું વિતરણ કર્યુ હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાળંદ લીલાબેન પરસોત્તમભાઈ,** ઉ.વ. ૭૭, સેકટર-૨૯
- **સ્વ. ઠકકર રેખાબેન નિતીનભાઈ,** ઉ.વ. ૬૯, રૂપાલ
- **સ્વ. વસેટા જશોદાબેન નંદકિશોર,** ઉ.વ. ઈસનપુર, અમદાવાદ